સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પ્યાદાં મૂકાય કયાંક, અસર થાય છે કયાંક!
લડે છે કોઈ અને હાર-જીત, થાય છે કયાંક!
પ્હોંચે છે કયાંક 'યા'વાળા, ખટપટોના ખેલ થી-
બટન દબાય કયાંક, ને મત જાય છે કયાંક!
(ચૂંટણી જીતવાની ટેકનીકલ પધ્ધતિ)

હાઈકુ

રમાડે સૌને-
'મળે બ્હાનું' કે જીતે,
'મત-મશીન'

'કાર્યકર' થૈ,
થાય સહાયભૂત-
'મત મશીન'

ચિંતન

જબ લગ નાતા જાત કા, તબ લગભગત ન હોય,
નાતા તોડે હરિ ભજે, ભક્ત કહાવે સોય.

ઉપરોક્ત સાખી કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે.

હરિજન એટલે હરિભક્ત કે સાધુ બનવું કંઈ સહેલું નથી, જયાં સુધી મનુષ્યનો જાત સાથે નાતો રહે છે એટલે કે જાત સાથે સંબંધ રહે છે ત્યાં સુધી ભક્ત થઈ શકાય જ નહીં. આવો નાતો સંસારી જનો એ ઉત્પન્ન કરેલો ભેદભાવ છે. એ ભેદભાવ ભક્ત પુરુષને હોય જ નહીં અને તેને મન તો 'વસુંધરા એટલે સમગ્ર પૃથ્વી એ જ કુટુંબ એવો ભાવ હોય' કબીર કહે છે કે આવા દુન્યવી સંબંધોનો નાતો ન રાખતા જે હરિથી જ નાતો રાખે તે ખરો સાધુ કે હરિભક્ત કહેવાય છે.

સુવિચાર

- ઘોડાનાં લક્ષણ તમે જાણી શકશો, પણ માણસનાં નહિ જાણી શકો - **ટેનિસન**
- મનુષ્ય પોતે જ ઈશ્વરનું મંદિર છે - **સંત પાઉલ**
- માણસ કરતાં ચડિયાતા માણસ બનો તો તમે માણસ, નહિ તો કીડી કરતાંયે નપાવટ - **સુંદરમ્**
- આપણે ભૂલી જઈએ છીએ એ હકીકત છે, પણ ભૂલવું સમજપૂર્વકનું હોવું જોઈએ - **અખંડ આનંદ**
- શબ્દનો એક મોટો ઉપયોગ વિચારોને સંતાડવોનો છે - **વોલ્ટેર**
- પરમ જ્ઞાન એ જ બ્રહ્મ છે - **ઋગ્વેદ**
- આજનું ઔષધ : અનિદ્રામાં સર્પગંધા ચૂર્ણ, ૨ ગ્રામ પીપરી મૂળ ઉકાળેલા દૂધમાં લેવાથી સરસ ઊંઘ આવે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

મહંમદ બેગડાને કોઈ ભયંકર રોગ થયો. હકીમે કહ્યું 'કોઈ માસુમ બાળકનું શુદ્ધ લોહી મળે અને બાદશાહ એનાથી સ્નાન કરે તો બાદશાહ સાજા થઈ જાય.'

મહંમદ બેગડાએ હુકમ કર્યો. અધિકારીઓ દોડ્યા. 'એક ખેડૂતનું બાળક પસંદ કર્યું, ખેડૂતને પુષ્કળ ધન આપ્યું. બાળકને ખરીદી દીધું. બાળકને દરબારમાં લાવવામાં આવ્યું, બાદશાહે કાજીને પૂછ્યું, 'આ બાળકનો જીવ લેવાય કે નહીં.' કાજીએ કહ્યું, 'કાજીએ કહ્યું, 'બાદશાહે બાળકને મારવા તલવાર ઉગામી ત્યાં દરબારમાં સદાય શાંત રહેતો એક ઓલિયો ખડખડાટ હસી પડ્યો.' બેગડો થંભી ગયો અને ઓલિયાને હસવાનું કારણ પૂછ્યું. ઓલિયાએ કહ્યું, 'જહાંપનાહ, ગુસ્તાખી માફ પણ પુત્રનો ભરોસો મા-બાપ પર હોય છે. અને એ ફરિયાદ કરે તો કાજી પાસે આવે છે. છેવટનો ન્યાય અને દયાની અરજી બાદશાહ પાસે કરવામાં આવે છે. માબાપે ધનની લાલચમાં આ માસુમ બાળકને વેચી દીધું છે. કાજીએ એક નિરપરાધી માસુમને મારવાની સુવિધા કરી આપી અને બાદશાહ જે ખુદ ન્યાય અને દયાના ભંડાર હોવા જોઈએ તેણે પ્રજાના રક્ષણ કરવાને બદલે પોતાના શેષ જીવન માટે બાળકનો વધ ઉચિત માન્યો, ખુદાની આ લીલા ઉપર મને હસવું આવ્યું છે.'

બાદશાહ ને ઓલિયાની આ વાતની અસર થઈ, તરત તેણે બાળક પ્રેમથી ઓળામાં લીધું અને પુષ્કળ ધન આપી તેના મા-બાપ પાસે લઈ જવા હુકમ કર્યો. અને ખુદાની માફી માંગી અને બીજા જ દિવસથી બાદશાહ સાજો થવા લાગ્યો.

લોકશાહી મજબુત બનાવવા મતદાન

તંત્રીસ્થાનેથી...

ચૂંટણી એટલે લોકશાહીનું પાવન પર્વ. બંધારણે ભારતના દરેક નાગરિકને સમાન ગણીને કેટલાક મૂળભૂત અધિકાર (Fundamental rights) આપ્યા છે. એ પૈકીનો સૌથી અગત્યનો અધિકાર છે. પોતાની પસંદગીના ઉમેદવારને ચૂંટીને વિધાનસભા કે લોકસભામાં મોકલી આપવાનો. આ મતાધિકાર એ નાગરિક તરીકે આપણી મોંઘેરી મિરાત છે. ગમે તેટલી વ્યસ્તતા વચ્ચેથી પણ સમય કાઢીને આપણે એ પવિત્ર મતાધિકારનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીએ. અંગ્રેજી શબ્દ 'વોટિંગ' માં કયાંક 'દાન' નો અર્થસંદર્ભ નથી. પણ ભારતીય સંસ્કૃતિમાં દાનનો મહિમા છે. આપણે જયારે લાડલી દીકરીને પારકા હાથમાં સોંપીએ છીએ ત્યારે એને ફક્ત પરણાવતા નથી, એનું 'દાન' - કન્યાદાન કરીએ છીએ. કોઈ જરૂરિયાતવાળા દરદીને લોહી આપીએ છીએ તેને આપણે 'રક્તદાન' જેવું ગરિમાપૂર્ણ નામ આપીએ છીએ. મત અમૂલ્ય છે. એ સુપાત્રને જ અપાય. ચૂંટણીના જંગલમાં સુપાત્રની પસંદગી વખતે માત્ર ઉમેદવારની અંગત લાયકાત જ જોવાની નથી. એની સાથે જ તે કઈ પાર્ટી સાથે જોડાયેલ છે, એ જે રાજકીય વિચારધારાને વરેલો છે તે આપણા મતક્ષેત્રથી લઈ રાજય અને રાષ્ટ્રના થથા સમગ્રપણે માનવતાના હિતમાં છે કે નહીં, એની વિચારસરણી માનવી- માનવી વચ્ચે ધર્મ, સંપ્રદાય કે નાતજાત જેવા ભેદભાવ ઊભા કરી ફક્ત પોતાનાં કે સ્થાપિત હિતોનાં અંગત સ્વાર્થસિદ્ધિ અને લાભો અપાવનારી તો નથી ને ? આ બધી જ બાબતોનો તલસ્પર્ધી અભ્યાસ અને જાણકારી પણ જરૂરી છે. આપણે બ્રિટીશ પાર્લામેન્ટને અનુસરતી સંસદીય લોકશાહી પદ્ધતિ અપનાવેલી હોઈ આખરે તો બહુમતી ધરાવનાર રાજકીય પક્ષ જ સત્તા ભોગવતો હોય છે. આ બહુપક્ષીય સંસદીય લોકશાહીમાં નાગરિકોને પોતપોતાની અનુકૂળતા મુજબનાં રાજકીય સંગઠનો રચવાનો અબાધિત અધિકાર હોઈ આપણી સામે એકાધિક રાજકીય પક્ષો અને અપક્ષોનો ઝમેલો જામેલો હોય છે. એ પૈકી કોના નિશાન સામેનું બટન દબાવવાથી આપણને સુખાકારી અને સાંપ્રદાયિક સૌહાદનું વાતાવરણ સાંપડશે તે દરેક નાગરિકે વિચારી લેવું જોઈએ. ફક્ત જ્ઞાતિવાદ કે પ્રાદેશિકતાની લાગણીથી પ્રેરાઈને અથવા ચૂંટણીની પૂર્વ સંધ્યાએ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા કરાતી લખલૂટ લહાણીથી અંજાઈને આપણે કિમતી મત વેડફાઈ ન જાય એની તકેદારી રાખીએ. બલકે એવા સ્વાર્થી તત્ત્વો કે જે આપણા મતને 'પરચેઝેબલ કૉમિડીટી' ગણીને આપણને લલચાવતાં હોય એમને ખુલ્લા પાડવા એ પણ આપણો નાગરિક ધર્મ છે. ગરીબ પ્રજાને દારૂની પોટલી કે ઈંગ્લીશ બાટલી સાથે ચવાણાનું પડીકું અને વાઘછાપ કે ગાંધીછાપ નોટ બઝાડી દઈ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારાઓને એમની હેસિયત બતાવી દેવાનો આ સોનેરી અવસર છે. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન જેવા સર્વોચ્ચ સત્તાધીશો, ઉચ્ચ કક્ષાના બ્યુરોકેટ્સ અને અબજોપતિ ઉદ્યોગપતિઓને પણ એક જ મત આપવાનો અધિકાર છે. ઝૂંપડપટ્ટીના શ્રમજીવી અને ખેતમજૂર કે મહિલા આદિવાસી, દલિત, લઘુમતી સમાજના નાગરિકને પણ એટલો જ સમાન મતાધિકાર મળેલો છે. આ આપણી લોકશાહીનું હાર્દ છે. આપણો એક જ મત માથાભારે ઉમેદવારોને હંફાવી શકે છે. રાજકીય પક્ષોની કામગીરીનાં લેખાજોખાં માંડવા માટેની પણ આ સોનેરી તક છે. આપણે એ તકનો સમજણપૂર્વક સદુપયોગ કરી યોગ્ય પાર્ટીના યોગ્ય ઉમેદવારો ચૂંટી કાઢીને આપણો પવિત્ર નાગરિક ધર્મ બજાવીએ તે સમયનો તકાદો છે. સો ટકા મતદાન કરી કોઈની શેહશરમ કે પ્રલોભનમાં આવ્યા વગર ચાલો આપણે ગુજરાતની પ્રગતિ, દશા અને દિશા નક્કી કરી ગરવા ગુજરાતની ગરિમા અને અસ્મિતાનો સાચો પડઘો પાડીએ.

ખજૂર: સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણે ત્યાં શિયાળો આવે એટલે હેલ્ધી ડાયેટ ખાવાનું શરૂ થાય. સુકામેવા, લીલા શાકભાજી, ફળો અને ખજૂર. ખજૂર જેને અનુકૂળ આવે એ તો આખુંય વરસ ખજૂર ખાય છે. બાકીના લોકો શિયાળામાં આરોગ્ય સાચવવા ખાય છે.ખજૂર ખાવાની પ્રથા છે. ખજૂરનું મૂળ વતન આમ તો અરબસ્તાન-અફઘાનિસ્તાનમાં પણ હવે આપણા કચ્છ પ્રદેશમાં પણ તેનું વાવેતર થાય છે. ખજૂરને સુક્કુ વાતાવરણ અનુકૂળ છે અને ઓછા પાણીમાં પણ તે વિકસી શકે છે. આયુર્વેદમાં મહર્ષિ ચરક અને મહર્ષિ સુશ્રુતે પણ ખજૂરનું વર્ણન કરેલ છે. આયુર્વેદમાં ખજૂરનાં ખૂબ ગુણગાન છે. એક શ્રેષ્ઠ પોષક ઔષધ તરીકે ખજૂરને માન્યતા મળી છે. ક્ષત (ચાંદુ પડવું) અને ક્ષય (શરીર કે ધાતુઓ ગળવી) જેવા તકલીફદેહ રોગોમાં ખજૂરને ઉત્તમ ઔષધ ગણાવાયું છે. આયુર્વેદ અનુસાર ખજૂરના ગુણ અને ઉપયોગો વિષે જાણીએ... લોકમાન્યતા મૂજબ ખજૂર ગરમ છે, પણ વાસ્તવમાં ખજૂર ઠંડા છે. તે હૃદય માટે હિતકર છે. તેનો સ્વાદ અને પાચન બાદનો ગુણધર્મ મધુર છે એટલે રક્તપિત્ત અને રક્ત તેમજ પિત્તને લગતા બીજા રોગોમાં પણ ખજૂર ઉપયોગી છે. ખજૂર ધાતુઓને પોષણ આપી તાકાત વધારે છે. વધુ માત્રામાં લેવાથી કૃમિ કરે છે. ખજૂર તાવ, ઝાડા, ચાંદુ, ક્ષય, શ્વાસ, ઉધરસ, તેમજ તૃષા નિવારક છે. ખજૂરીના રસને 'નિરો' કહે છે. તે મદકારક છે અને પિત્ત વધારનાર છે. નિરો બલદાયક, ભૂખ લગાડનાર અને શુક્રવર્ધક છે.

આધુનિક શાસ્ત્ર પ્રમાણે જોઈએ તો ખજૂર લોહતત્વનો પ્રચૂર ભંડાર છે. આ ઉપરાંત ખજૂરમાં કેલ્શીયમ, મેગ્નેશીયમ, ફોસ્ફરસ, અને ઝીંક પણ સારી એવી માત્રામાં છે. ખજૂરમાં વિટામીન- બી કોમ્પ્લેક્સ, વેટામીન- એ, અને વિટામીન- કે સારી એવી માત્રામાં છે. ખજૂરમાં ફાઈબર ખૂબ છે એટલે કબજીયાતમાં ખજૂર ખાવાનું કહેવામાં આવે છે. આ ઉપરાંત ખજૂરમાં શર્કરા સારી એવી માત્રામાં છે. ખજૂરમાંથી ખૂબ કેલરી-શક્તિ મળે છે. ખજૂરના આટાઅટલા ગુણો જોતા કુપોષણમાં ખજૂર એક ઉત્તમ ઔષધ તરીકે નિવડી શકે તેમ છે. વિદ્વાનોના મતે દુષ્કાળગ્રસ્ત દેશો કે રાજ્યોમાં ખજૂરનું વિપુલ વાવેતર કરવું જોઈએ. ખજૂર આવા વાતાવરણમાં સરળતાથી ઉગી શકે છે, તેને પાણીની જરૂર પણ ઓછી પડે છે તેમજ ખજૂર એક ઉત્તમ પોષક આહારની ગરજ પણ સારે છે.

વંદનીય બાપાલાલ વૈધ તો ખજૂર વિષે ત્યાં સુધી લખે છે કે ભારતમાં શ્રમિકો અને મજૂરોનો મુખ્ય ખોરાક ખજૂર હોવો જોઈએ. આજે આ શ્રમિકો હાલતા ને ચાલતા ચા-બીડી પીવા લાગે છે તેના બદલે ખજૂર ખાવા જોઈએ, જેથી તેઓને પુરતું પોષણ મળે. જે લોકોનો જઠરાગ્ની મંદ છે તેવા લોકોને ખજૂર પચવામાં ભારે પડી શકે, તેમજ ક્યારેક હરસના રોગીને ખજૂર અનુકૂળ ન આવે તેવું બને, આ સિવાય નિયત માત્રામાં ખજૂર નિયમીત રીતે લઈ શકાય. ખજૂરને ઘી માં સંતળીને કે ઘી સાથે ખાવાથી તેના ગુણોમાં વૃધ્ધિ થાય છે અને ખજૂરની સાથે-સાથે શુધ્ધ ઘીનાં ગુણકર્મોનો પણ ફાયદો થાય છે.

- contact@atharvaayu.com

રામના નામે પથરા તર્યા, ગાંધીના નામે ગઠીયા તર્યા

મનના ઉમંગો
રણછોડ પરમાર

ચુંટણી આવી ગઈ ને ? જાહેરપ્રચારની ધમાધમ તો બંધ થઈ છે પણ જેને અંડર કરંટ કહે છે એના ધમકારા થોડા બંધ થવાના ? રસ્તાઓ પરથી પસાર થતી રીક્ષાઓના માથે ગોઠવાયેલા લાંબા લાઉડસીકરોમાંથી નીકળતા કર્કશ અવાજોથી કાનને હવે રાહત મળી છે. છેલ્લા બેત્રણ દિવસમાં આપણા ગાંધીનગરને રાષ્ટ્રીય નેતાઓએ જાણે ધમરોળી નાંખ્યું. '' ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રીશ્રી આદિત્યનાથ યોગી, ભારતના ગૃહ મંત્રીશ્રી રાજનાથસિંહ ,મંત્રીશ્રી સ્મૃતિબેન ઈરાની, કોંગ્રેસના અધ્ક્ષશ્રી રાહુલભાઈ ગાંધી, યુવા નેતા અને પાસના કન્વીનરશ્રી હાર્દિકભાઈ પટેલ ખબર નહીં કંઈ કેટલાયે નેતાઓએ ખાસમખાસ ગાંધીનગરની બેઠક જ જીતવી હોય એમ ધામા નાખી દીધા હતા. હવે થોડીક શાંતિ થઈ છે તો ગુજરાતી ભાષા અને તેની કહેવતો વિષે વાત કરવાનું મન થાય છે. અલબત્ત આજની ચુંટણીઓના સંદર્ભમાં જ આપણે વિચાર કરીશું.

'જોતાં'તા જેની વાટ, સાજણ એ સામા મળ્યા.'' આમતો કોઇક ગુજરતી ફિલમનું ગીત છે પણ અત્યારે યાદ કરવાનું કારણ એક જ છે કે, કેટલાય સમયથી આપણે બધા ગુજરાત વિધાનસભાની ચુંટણીઓની વાતો કરતા હતા તે ચુંટણી આજે આવી ગયા છે. મોડા ઊઠીને વાંચનાર ભાઈઓબહેનો તો આ લેખ વાચવા હાથમાં લેશે ત્યાં સુધીમાં કેટલાય મત ઈવીએમ મશીનમાં પ્રવેશી ચુક્યા હશે.પણ મિત્રો, આજના દિવસે આળશ કરતા નહીં સ્મયસર તૈયાર થઈને તમારી પસંદગીના ઉમેદવારને મત આપી આવજો. અચાનક જેની હરપળ વાટ જોતા હોઈએ એ સાજન સામે આવી જતા જેમ મન ગુંચવાઈ જાય છે તેમ ઈવીએમ મશીનની સામે ઊભા રહ્યા હોય ત્યારે તમારા મનને ગુંચવાવા દેતા નહીં. જે વ્યક્તિ તમને ગુજરાતના ભવિષ્ય માટે યોગ્ય લાગતી હોય તેને શાંતિથી મત આપજો. તમે આપેલો મત કદી એળે જતો નથી. પછી ભલે તે ઉમેદવાર જીતે કે હારે.

બીજું એક હિન્દી ફિલ્મનું ગીત છે, 'સુનતે થે નામ હમ જિનકા બહારસે, દેખા તો જિયા નાચા ઝુમ ઝુમકે.' અચાનક યાદ આવ્યું અને મેં તમને કહી દીધું પણ હું બહુ સારી રીતે જાણું છું કે જે ઘડીની આપણે ઘણા મહિનાથી રાહ જોતાં હતા તે મત આપવાની પળ આવી ગઈ છે પણ તેનાથી કંઈ હૃદય ઝુમક ઠુમક નાચવાનું નથી. એ તો તમારો મનપસંદ ઉમેદવાર જીતી ગયાના સમાચાર જાણશે ત્યારેજ આનંદથી ફૂદી ઉઠવાનું છે. આશા વિરુધ્ધ સમાચાર આવશે ત્યારે તો બિચારું હતાશ થઈ જવાનું.

ગુજરાતીમાં એક કહેવત છે 'ના બોલ્યામાં નવગુણ'. ભૂતપૂર્વ વડાપ્રધાને જાણે આ કહેવતને આત્મસાત કરી હોય તેમ તે જેમ બને તેમ ઓછું બોલતા. એટલું બધું ઓછું બોલતા કે હાલના બહુબોલકા વડાપ્રધાન તો એમને મૌનીબાબા તરીકે સભાજનોને ઓળખાવતા. પણ આ ચુંટણીની એક વિશેષતા છે કે એ મૌનીબાબા પણ ગુજરાતમાં આવી ઘણા ભાષણ કરી ગયા. ભાષણોમાં તેમણે નોટબંધી અને જીએસટી અંગે એવા અણિયાળા સવાલો કર્યા કે અત્યાર સુધી સવાલો ઉપર સવાલો પૂછનારાની કમસેકમ આ સવાલો પૂરતી તો બોલતી જ બંધ થઈ ગઈ. ટ્વીટર બહાદુરોએ ટ્વીટ પણ કર્યું, 'ચાલો આ ચુંટણીએ શ્રી મનમોહનસિંહને બોલતા તો કર્યા.'

આ કહેવતના બિલકુલ સામા છેડાની કહેવત છે, 'બોલે તેના બોર વેચાય.' અમારા નડીયાદના સંતરામ મંદિરમાં જે બાળકો બે ત્રણ વરસના થઈ ગયા હોય પણ બોલતા શીખ્યા ના હોય તેના બોર વેરવાની બાધા ઘણા રાખે છે. પોષ મહિનાની પૂનમે જેમની બાધા ફળી હોય તેવા લોકો આ મંદિરે દર્શને આવે છે અને ધાબા પર ચડી માન્યા હોય તેટલા બોર વેરે છે. નીચે ઉભેલા બાળકો દોડાદોડ કરીને આ બોર વીણી લે છે. બહુ આનંદ અને ઉત્સાહનો આ પ્રસંગ છે. આમ ખરેખર તો બોલે તેના બોર વેરાય તેવી કહેવત હોવી જોઈએ. આપણી ગુજરાતી પ્રજાએ 'વેરાય' શબ્દને બદલે 'વેચાય' શબ્દ ક્યારે ગોઠવી દીધો તેની તવારીખ કોણ શોધવાનું ? પણ આજના માર્કેટીંગના જમાનામાં આ કહેવત બિલકુલ ફીટોફીટ બેસી ગઈ છે. નરેન્દ્રભાઈના માર્કેટીંગ કસબની તો રાહુલભાઈ પણ પ્રસંશા કરે છે.પરંતુ કેવળ માર્કેટીંગના જોરે દંતમંજનના નામે કોલસાની ભૂકી કેટલો સમય વેચી શકાય? કોઇ દિવસ તો લોકોને ખબર પડે કે નહીં ?

પહેલાના જમાનામાં કહેવત હતી કે જેવો રાજા તેવી પ્રજા, પણ હવે સમય બદલાઈ ગયો છે. હવે તો જેવી પ્રજા હશે તેવા જ શાસકો ચુંટાવાના છે. આના માટે ગુજરાતીમાં સરસ કહેવત છે, 'કુવામાં હશે તો હવાડામાં આવશે.' કિશોરલાલ મશરૂવાળાએ આ વિષયે એક અદભુત લેખ લખ્યો છે આખો લેખ અહીં ઉતારવો પડે એવો સચોટ છે. કિંતુ આંગણું નાનું છે. બહુ લાંબી નૃત્યની મુદ્રાઓ દર્શાવી શકાય તેમ નથી. છતાં વાત નીકળી છે તો થોડુંક કહું.

કૂવામાં હોય તેટલું હવાડામાં આવે એ કહેવત જાણીતી છે. તેટલુંની સાથે તેવું પણ ઉમેરી શકાય. એટલે કે કૂવામાં હોય તેટલું અને તેવું હવાડામાં આવે.કૂવા કરતાં હવાડામાં ઓછું આવે, એમ બને છે જ. તેના કરતાં વધારે ન આવી શકે તે દેખીતું છે. વળી, કૂવાનું પાણી ચોખ્ખું હોય પણ હવાડામાં બગડે તેમ બને; પણ કૂવામાં દુઢિત હોય અને હવાડામાં ચોખ્ખું આવે તેમ બને નહીં. માટે કૂવા ઉપરાંત હવાડાની ચોખ્ખાઈ પર ધ્યાન આપવાની જરૂર રહે ખરી. પણ કૂવો ખરાબ હોય અને હવાડો ચોખ્ખો રહે એમ બને નહીં.

હવાડો એ શાસકવર્ગ છે. કૂવો એ સમસ્ત પ્રજા છે. ગમે તેવા કાયદાઓ અને બંધારણ ઘડો, સમસ્ત પ્રજાના ચારિત્ર કરતાં શાસકવર્ગનું ચારિત્ર ઘણું ઊંચું હોય તેમ બનવાનું નહીં ; અને પ્રજા પોતાના ચારિત્રથી જેટલા સુખસ્વાતંત્ર્યને લાયક હોય તેથી વધુ સુખસ્વાતંત્ર્ય ભોગવી શકશે નહીં. જે રાજ્યપ્રણાલિકામાં શાસકર્ગ કેવળ દંડશક્તિ જ મેળવતો નથી, પ્ણ સાથે ધન અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે છે, તેમાં શાસકવર્ગનું ચારિત્ર પ્રજાના એકંદર ચારિત્ર કરતાં વધારે હીન બને એવી બધી અનુકૂળતાઓ હોય છે . અને શાસકવર્ગ પેદા થાય છે શાસિતોમાથી જ. એટલે શાસિત પ્રજાના હીનતર ભાગના હાથમાં શાસન રહે તેવું ધીમે ધીમે પરિણામ આવે છે સર્વેપ્રકારની રાજપ્રણાલિકાઓ થોડા વખતમાં સડવા માંડે છે તેનું આ જ કારણ છે.''

કિશોરભાઈની વાત સાંભળ્યા પછી એવું લાગે છે કે આ ચુંટણીઓ રાજ્યના શાસકો પસંદ કરવાની નથી પરંતુ આપણે સ્વયં કેટલા ચારિત્ર્યવાન છીએ તે દુનિયાને બતાવી આપવાની ચુંટણી છે.

આઝાદી પછી યોજાયેલી બધી ચુંટણીઓમાં બધા પક્ષો ગાંધીજીના સ્વપ્નો પૂરાં કરવાના વચનો આપતા હતા. કોંગ્રેસનો ઝંડો સર્વોચ્ચ ફરકતો હતો ત્યારે લોકોએ એક કહેવત બનાવી કાઢી હતી. 'રામને નામે પથરા તર્યા અને ગાંધીના નામે ગઠીયા તર્યા.' રામની સેનામાં નલ અને નીલ નામના વાનરો પાણીમાં તરતા પથ્થરો પારખવામાં પાવરધા હતા. તેઓ આવા પથ્થરો બીજા ડૂબી જાય તેવા પથરાઓમાં ભળી ના જાય એટલે તેની ઉપર રામનું નામ લખી અલગ પાડી દેતા હતા. એવા પથ્થરોનો પુલ બનાવી વાનરસેના લંકામાં પ્રવેશી હતી. પણ આ પ્રસંગને આપણા લોકોએ કેવો કહેવતમાં બદલી કાઢ્યો છે ! પરંતુ હવે આમાં પણ ફેરફાર કરવો પડે તેવું વાતાવરણ સર્જાયું છે, પહેલાં રામના નામે પથરા તર્યા હતા અને ગાંધીના નામે હજારો ગઠીયા તરી ગયા એ વાત બિલકુલ સાચી છે, પણ હવે ગઠીયાઓએ ગાંધીનું નામ સદંતર ત્યાગી દીધું છે અને કેટલાક વળી રામના સહારે ચુંટણીની વૈતરણી તરવા નીકળ્યા છે ! કેટલાકે વળી ગાંધી અને રામ બંનેનું નામ તજીને સરદારને ભજવા માંડ્યા છે. હવે મને કહો ગાંધી અને સરદાર કદી જુદા હતા ? અને સરદારે કદી ચુંટણી જીતવા 'મને બહુ અન્યાય થયો છે' એવી ફરીયાદ કરેલી ખરી ? હા, એક સમયે કેશુભાઈ પટેલ કહેતા હતા ખરા કે 'મારો શું વાંક ?'

ચાલો આ બધી નકામી વાતો પડતી મુકીએ અને સ્વામી વિવેકાનંદે કહ્યું હતું તેનો અમલ કરીએ. 'જાગો, ઊઠો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' આપણે પણ પહેલા મતદાન કરીએ, બીજાઓને મતદાન કરાવા ઉત્સાહીત કરીએ. અને સંપૂર્ણ લોકશાહી પ્રાપ્ત ના થાય ત્યાં સુધી આપણે દેશની સદપ્રવૃત્તિમાં મંડ્યા રહીએ.

કોઈ બોલાવે તો કહું છું વ્યસ્ત છું ,જાણકારો તો કહે છે ધ્વસ્ત છું ;
એક તારો આભનો નાનો અને ઉગતો લાગું પરંતુ અસ્ત છુ.

હરખનો હિસાબ ન હોય અને હિસાબ હોય ત્યાં હરખ ન હોય

લાગણીનો મેળો
રસિક વાળંદ

હરખનો હિસાબ ન હોય
અને
હિસાબ હોય ત્યાં હરખ ન હોય.
દોસ્ત... અજબ જાદુ છે તારામાં,
તું પૂછે મને... 'મનમાં ?'
ને બધું દુઃખ ગાયબ થઈ જાય હવામાં !

●●●

... ને ભીતરે ભીનાશ છવાઈ ગઈ !!

વાત જાણે એમ હતી... રવિવારી હાટમાં ગયેલા પૂત્રવધુએ સહજભાવે પૂછી બેઠો;

'શું લઈ આવ્યાં ?'

'આ તો શાળામાં એક ગરીબ છોકરા માટે પગરખાં લાવ્યા છીએ... બિચારો રોજ ખુલ્લા પગે ચાલીને આવે છે !'

આ શબ્દો સાંભળી હેયું ગદ્‌ગદિત થયું...

દીકરાએ 'શિક્ષક ધર્મ' ઉજાળ્યો... પણ... એથીયે વિશેષ તો યોગ્ય માર્ગે ખર્ચાતા ગાંઠના રૂપિયા માટે પુત્રવધૂની મૂક સંમતિ મને વિશેષ સ્પર્શી ગઈ... આ ચેષ્ટાએ સાબિત કરી દીધું કે 'પુત્ર' કરતાં જે 'વધૂ' હોય તે પુત્રવધૂ.

આમ તો પરગજુ અને સેવા પરાયણવૃત્તિ અમને વારસામાં મળી છે. દાદા વૈદું કરતા, હાડવૈદ ઉપરાંત દેશી ઓસડિયાં, મલમપટ્ટાની સાથોસાથ સમાજની 'ભાંજગડ' કરવામાં માહેર ગણાતા. એમનો સંસ્કાર વારસો પિતાજીમાં ઉતરી આવ્યો અને એમણે એ દીપાવ્યો ! પિતાજીએ વૈદકીય કોઠાસૂઝ અને દાહકર્મની કુશળતા મેં નજરોનજર નિહાળી છે.

પૂર્વજોની સેવાભાવના અને પરગજુ વૃત્તિએ આજે અમે સવાયા લેખાયા છીએ. દોસ્તો !

જરૂરિયાતમંદ સગાં-સ્નેહી, સંબંધી, મિત્રો કે અન્ય પરિચિતોને મદદરુપ થવા કોઈ મુર્હૂત કે ચોઘડિયું જોવા ન બેસાય. મદદ કર્યા પછી એનો ઢંઢેરો પણ ન પીટાય... આ સઘળું શાણા-સંસ્કારી સજ્જન જાણતા જ હોય છે.

જરૂરિયાતમંદને મદદ પહોંચાડવી એ માનવીય સ્વભાવ હોવો ઘટે છે... ખાસ અગત્યનું એ જ કે આપનારના હૈયામાં કંઈક મદદ કર્યાનો લેશમાત્ર અહં ન હોય અને લેનારને લઘુતા કે લાચારી ન અનુભવવી પડે એવા નિર્વ્યાજ સખ્યભાવથી સહાયરૂપ થવું જોઈએ આવા પરોપકારથી પ્રભુ પ્રસન્ન થાય!!!

અહીં એક ઘટના યાદ આવે છે.

રાત્રીના બે વાગ્યા હતા... એક શ્રીમંત માણસને નીંદર નહોતી આવતી. પડ્યાં ફરી ફરીને થાક્યો... ચા પીધી... સીગારેટ પીધી... અગાશીમાં ચક્કર માર્યા પણ કયાંય ચેન ન પડે. આખરે થાકીને એ માણસ નીચે આવ્યો. પાર્કીંગમાંથી કાર બહાર કાઢી અને શહેરની સડકો પર ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં એને એક મંદિર દેખાયું. મનમાં થયું ચાલ થોડીવાર આ મંદિરમાં જાવ... ભગવાન પાસે બેસું... પ્રાર્થના કરું... મનને થોડી શાંતી મળે.

એ માણસ મંદિરમાં ગયો. જોયું તો એક બીજો માણસ ભગવાનની મૂર્તિ સામે બેઠો હતો, ઉદાસ ચહેરો... આંખોમાં કરુણતા... અને જોઈને આ માણસને દયા આવે. પૂછ્યું. 'કેમ ભાઈ આટલી મોડી રાત્રે...?' પેલાએ વાત કરી.... 'મારી પત્ની હોસ્પિટલમાં છે. સવારે જો ઓપરેશન નહીં થાય તો એ મરી જશે... અને મારી પાસે ઓપરેશનના પૈસા નથી.'

આ શ્રીમંત માણસે ખિસ્સામાંથી રૂપિયા કાઢયા એ ગરીબ માણસને આપ્યા અને પેલા ચેહરા પર ચમક આવી...

પછી શ્રીમંત માણસે એને પોતાનું કાર્ડ આપ્યું અને કહ્યું... 'હજુ પણ ગમે ત્યારે જરૂર હોય તો આ મારો નંબર છે મને ફોન કરજો... એડ્રેસ પણ છે... રૂબરૂ આવીને મળજો... સંકોચ ન રાખશો...' પેલા ગરીબ માણસે કાર્ડ પાછું આપ્યું.... અને કહ્યું. 'મારી પાસે એડ્રેસ છે.' આ એડ્રેસની જરૂર નથી.'

અચંલો પામીને શ્રીમંતે કહ્યું, 'કોનું એડ્રેસ છે?' પેલો ગરીબ માણસ મરક મરક હસતાં બોલ્યો...'જેણે રાતના સાડા ત્રણે તમને અહીં મોકલ્યા એમનું...'

સ્પર્શમણિ

પોતાને પ્રાપ્ત થયેલા રોટલામાંથી માણસ જયારે કોઈ અજાણ્યા માણસને આપવા માટે પોતાનો રોટલો ભાંગે છે ત્યારે સમગ્ર માનવતા સુગંધમય બને છે.

- rasikvaland1965@gmail.com
Mo.9913426949